॥ ॐ श्रीपरमात्मने नमः ॥

# સુખપૂર્વક જીવવાની કળા



રાજેન્દ્ર કુમાર ધવન

॥ ॐ श्रीपरमात्मने नमः ॥

# સુખપૂર્વક જીવવાની કળા

(પરમશ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજના
વિચારો ઉપર આધારિત)

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बंधुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देवदेव ॥

સંકલનકર્તા : **રાજેન્દ્ર કુમાર ધવન**
અનુવાદક : **રજનીભાઈ**

## ગીતા પ્રકાશન

માયા બજાર, પશ્ચિમી ફાટક, ગોરખપુર-273 001 (ઉ.પ્ર.)
ફોન : 09389593845 e-mail: radhagovind10@gmail.com
website: **www.gitaprakashan.org**

॥ ॐ श्रीपरमात्मने नमः ॥

# પરમશ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજનાં શીઘ્ર કલ્યાણકારી પુસ્તકો જરૂર વાંચો

* જો તમે શાસ્ત્રોની ભિન્ન-ભિન્ન વાતોને વાંચવાથી તથા અનેક સંતોની ભિન્ન-ભિન્ન વાતોને સાંભળવાથી પોતાના માટે કલ્યાણકારી સાધનનો નિર્ણય હજી સુધી નથી કરી શક્યાં, તો આ પુસ્તકો જરૂર વાંચો.
* જો તમે સંસારમાં રહેવાની વિદ્યા જાણવા ઈચ્છો છો અર્થાત્ ઘર-ગૃહસ્થીમાં રહીને, કામ-ધંધો કરતાં રહીને, સંસારનું કામ કરતાં રહીને પોતાનું કલ્યાણ ઈચ્છો છો, તો આ પુસ્તકો જરૂર વાંચો.
* જો તમે તમારા જીવનમાં દુઃખ, ક્લેશ, ભય, ચિંતા, અશાંતિ, હલચલ, નિરાશા, સંશય, ભ્રમ, અજ્ઞાન તથા અન્ય કોઈ પણ પ્રકારના અભાવનો અનુભવ કરતાં હો, તો આ પુસ્તકો જરૂર વાંચો.
* જો તમે કોઈ પણ ધર્મ, સંપ્રદાય, મત, વર્ણ, આશ્રમ વગેરેનો પક્ષપાત અથવા દુરાગ્રહ ન રાખી, મસ્તિષ્કને સજાગ રાખી પોતાના કલ્યાણનો માર્ગ જાણવા ઈચ્છો છો, તો આ પુસ્તકો જરૂર વાંચો.
* જો તમારા ઘરમાં, કુટુંબીઓમાં મતભેદ, લડાઈ-ઝઘડા, ઈર્ષ્યા, દ્વેષ, મનભેદ તથા અશાંતિનું વાતાવરણ હોય, તો આ પુસ્તકો જરૂર વાંચો.
* જો તમે કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ વગેરે સાધનોનો મર્મ જાણવા ઈચ્છો છો અને તમારા માટે કયું સાધન સુગમ તથા શ્રેષ્ઠ છે, તે જાણવા માંગો છો, તો આ પુસ્તકો જરૂર વાંચો.
* જો તમે 'એક પરમાત્મા સિવાય કશું પણ નથી'—આનું તત્ત્વ જાણવા માંગો છો, તો આ પુસ્તકો જરૂર વાંચો.
* જો તમે બધાં જ દુઃખોથી મુક્ત થઈ સદાને માટે સુખી થવા ઈચ્છો છો, તો આ પુસ્તકો જરૂર વાંચો.
* જો તમે ક્રિયા તથા પદાર્થની સહાયતા (અભ્યાસ) સિવાય શીઘ્ર પરમાત્મ-પ્રાપ્તિ કરવા ઈચ્છો છો, તો આ પુસ્તકો જરૂર વાંચો.

**આ પુસ્તકો તમારા જીવનમાં ક્રાંતિ લાવી શકે છે !**

॥ ॐ श्रीपरमात्मने नमः ॥

# સુખપૂર્વક જીવવાની કળા

હાલમાં લોકો જુદાં-જુદાં કારણોથી ઘણા દુઃખી છે. એટલા માટે જ્યારે તેમને જાણ થાય છે કે શહેરમાં કોઈ એવા સાધુ, જ્યોતિષી અથવા તાંત્રિક આવ્યા છે, જે બીજાઓનું દુઃખ દૂર કરી શકે છે તો તેઓ ત્યાં ચાલી નીકળે છે. પરંતુ ઘણું કરીને આજકાલ સાચા સાધુ-સંત, જ્યોતિષી કે તાંત્રિક મળતા નથી. જે મળે છે, તેઓ માત્ર પૈસા કમાવાવાળા, પોતાનો સ્વાર્થ સિદ્ધ કરનારા જ હોય છે. કોઈ કોઈની નસીબજોગે ખોટી પ્રસિદ્ધિ પણ થઈ જાય છે. જેમ કે, કોઈ બનાવટી સાધુની પાસે સો માણસો પોતપોતાની કામના લઈને જાય તો તેમનામાંથી પચીસ-ત્રીસ માણસોની કામના તો તેમના પ્રારબ્ધના કારણે એમ જ પૂરી થઈ જશે. પરંતુ તેઓ પ્રચાર કરી દેશે કે અમુક સાધુની કૃપાથી,

આશીર્વાદથી જ અમારી કામના પૂરી થઈ. આવી રીતે બનાવટી સાધુનો પણ પ્રચાર થઈ જાય છે.

માની લો, એક શહેરમાં કોઈ સાચા સંત આવ્યા. તેઓ કોઈ પાસેથી કાંઈ માગતા ન હતા. ભિક્ષાથી જીવન-નિર્વાહ કરતા હતા. કોઈની પણ સાથે કોઈ રીતનો સંબંધ જોડતા નહોતા. કોઈને ચેલા-ચેલી પણ બનાવતા નહોતા. જે તેમની પાસે આવતા હતા તેનું દુઃખ દૂર કરવાની ચેષ્ટા કરતા હતા. શહેરમાં તેમની વાત ફેલાઈ તો લોકોની ભીડ ઊભરાવા લાગી. અનેક લોકો પેલા સંતની પાસે એકઠા થઈ ગયા. કેટલાક લોકો પોત-પોતાનાં દુઃખ સંભળાવવા લાગ્યા. સંત દરેક શ્રોતાની વાત સાંભળી તેનું સમાધાન કરવા લાગ્યા.

**શ્રોતા—મહારાજજી ! હું ઘણો દુઃખી છું ! મારું દુઃખ કેવી રીતે દૂર થાય ?**

**સંત**—જુઓ ભાઈ ! સંસારમાં સુખ પણ છે, દુઃખ પણ. આજ સુધી એક પણ એવી વ્યક્તિ નથી થઈ, જે સદા સુખી રહી હોય અથવા સદા દુઃખી રહી હોય. જેમ દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવે જ છે, તેમ જ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે જ છે. ન તો સુખ સદા રહે છે, ન દુઃખ. તેથી ગભરાશો નહિ. માત્ર આ સત્યનો સ્વીકાર કરી લો કે આ સમય સદા એવો ને એવો નહિ રહે. રાત વીતશે, દિવસ આવશે.

**શ્રોતા—પરંતુ હાલમાં જે દુઃખ છે, તે મારાથી સહન નથી થઈ રહ્યું. કોઈ ઉપાય બતાવો.**

**સંત**—તેના માટે ભગવાનને પ્રાર્થના કરો. વ્યાકુળ થઈને ભગવાનને પોકારો. તેમને પોકારવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

**શ્રોતા—હું ભગવાનને પ્રાર્થના કરું છું, પણ તેઓ સાંભળતા જ નથી !**

**સંત**—એવી વાત નથી.

**सच्चे हृदय से प्रार्थना जब भक्त सच्चा गाय है ।**
**तो भक्तवत्सल कान में वह पहुँच झट ही जाय है ॥**

ભગવાન તો સૌનાં હૃદયમાં બેઠા છે. તે તમારી દરેક પ્રાર્થના સાંભળે છે. જો કે મનમાં રાગ-દ્વેષ, કામ-ક્રોધ, મોહ વગેરે વૃત્તિઓ રહેવાને કારણે સાચી પ્રાર્થના થતી નથી, તો પણ વારંવાર પ્રાર્થના કરતા રહો. જેવી રીતે મોટરને ચાલુ કરતી વખતે વારંવાર ચાવી ઘુમાવતા-ઘુમાવતા ક્યારેક એક જ ચાવીથી મોટર ચાલુ થઈ જાય છે, એમ જ પ્રાર્થના કરતાં-કરતાં ક્યારેક હૃદયથી સાચી પ્રાર્થના નીકળશે તો એક જ પુકારથી કામ થઈ જશે.

વાસ્તવમાં ભગવાન તે જ કાર્ય કરે છે, જેથી પરિણામમાં મનુષ્યનું હિત હોય. ભગવાન શ્રીકૃષ્ણ

પાંડવોના મિત્ર હતા. દ્રૌપદીના પોકારતાં જ તેઓ પ્રગટ થઈ જતા હતા. છતાં પણ પાંડવોને કેટલું કષ્ટ ભોગવવું પડ્યું ! તમારું કામ છે કે તેમને પોકારો. ભગવાનની સ્મૃતિ સઘળી વિપત્તિઓથી મુક્ત કરી દેનારી છે— '**हरिस्मृतिःसर्वविपद्विमोक्षणम्**' (શ્રીમદ્ભા૦ ૮/૧૦/૫૫)

**અન્ય શ્રોતા—ભગવાન દુ:ખ આપે છે જ શું કામ ?**

**સંત**—ભગવાનની પાસે દુ:ખ છે જ નહિ, પછી તેઓ દુ:ખ દેશે કેવી રીતે ? દુ:ખ તો તમારું પોતાનું પેદા કરેલું છે.

**करम प्रधान बिस्व करि राखा ।**
**जो जस करइ सो तस फलु चाखा ॥**

(માનસ, અયોધ્યા૦ ૨૧૯/૨)

ભગવાન તો તમારાં કરેલાં કર્મોનું ફળ ભોગવાવીને તમને શુદ્ધ કરી રહ્યા છે, મુક્ત કરી રહ્યા છે. ભગવાન

આનંદદાતા છે, દુઃખદાતા નથી. તેઓ તો તમને દુઃખોથી છોડાવવા ઈચ્છે છે. પરંતુ તમે તેમનાથી વિમુખ થઈને સંસારમાં લાગ્યા છો કે જે દુઃખાલય છે, દુઃખોનું ઘર છે. હવે ભાઈ ! તમે જ વિચારો કે તમારું દુઃખ કેવી રીતે દૂર થશે ?

દુઃખ ભગવાન દ્વારા બનાવેલી સૃષ્ટિમાં નથી, પરંતુ જીવ દ્વારા બનાવેલી સૃષ્ટિ (હું-મારાપણું)માં છે. જો જીવ હું-મારાપણું મિટાવી દે તો દુઃખોનું મૂળ જ કપાઈ જાય. **પરમ શ્રદ્ધેય સ્વામી શ્રીરામસુખદાસજી મહારાજ કહેતા હતા કે *'ત્યાગથી સુખ મળે છે—આ અટકળ લોકોને આવતી નથી, ત્યારે જ તેઓ દુઃખ પામે છે. દુઃખથી બચવાનો ઉપાય સુખ નથી, પરંતુ ત્યાગ છે.'***

**અન્ય શ્રોતા—મહારાજ ! મારા વ્યાપારમાં કાયમ ખોટ જઈ રહી છે ! આર્થિક સ્થિતિ ઘણી ખરાબ થઈ ગઈ છે. શું કરું ?**

**સંત**—રૂપિયાના અભાવને આપણે રૂપિયાથી દૂર કરી દઈશું - આના જેવી કોઈ મૂર્ખતા નથી ! તમે પ્રયત્ન ન છોડો. પણ ભાઈ ! મળશે તે જ, જે તમારા ભાગ્યમાં લખ્યું છે. જે તમને મળનાર છે, તે તમને અવશ્ય મળશે. તેને બીજું કોઈ છીનવી શકતું જ નથી. એક લોટાને ચાહે તળાવમાં ડુબાડો, ચાહે સમુદ્રમાં, જળ લોટા જેટલું જ નીકળશે.

**जब दाँत न थे तब दूध दियो, अब दाँत भये कहा अन्न न दैहैं ।**
**जीव बसे जल में थल में, तिन की सुधि लेइ सौ तेरिहु लैहैं ॥**
**जान को देत अजान को देत, जहान को देत सौ तोहूँ कूँ दैहैं ।**
**काहे को सोच करैं मन मूरख, सोच करै कछु हाथ न ऐहैं ।**

**શ્રોતા—દીકરીઓ મોટી થઈ રહી છે. ભવિષ્યમાં તેમનાં લગ્ન પણ કરવાનાં છે ! કેમ થશે ?**

**સંત**—આને માટે ચેષ્ટા કરો પણ ચિંતા ન કરો —‘**होइहि सोइ जो राम रचि राखा**’ (માનસ, બાલ૦

પર/૪). દીકરીઓ માત્ર તમારા પ્રારબ્ધ પર જ નિર્ભર નથી. તેમનું પોતાનું પણ પ્રારબ્ધ છે. તેથી સમય આવ્યે તેમના પ્રારબ્ધ મુજબ જે મળવાનું છે, તે જરૂર મળશે અને તેમનાં લગ્ન થઈ જશે.

**શ્રોતા—દીકરો મારી વિરુદ્ધ ચાલે છે. મારી વાત બિલકુલ માનતો નથી ! શું કરું ?**

**સંત**—એવું સમજો કે તે તમારા પૂર્વજન્મનો બાપ છે ! તેની વાત જો અયોગ્ય ન હોય તો માની લો. તમને જે વાત યોગ્ય લાગે, તે તેને કહી દો. પછી તે માને કે ન માને, તેની મરજી. આ આગ્રહ છોડી દો કે તે મારી વાત માને.

**जो पै मूढ़ उपदेस के होते जोग जहान।**
**क्यों न सुजोधन बोध कै आए स्याम सुजान॥**
**फूलइ फरइ न बेत जदपि सुधा बरषहिं जलद।**
**मूरख हृदयँ न चेत जौं गुर मिलहिं बिरंचि सम॥**

(દોહાવલી ૪૮૩-૪૮૪)

'જો સંસારમાં મૂર્ખ મનુષ્ય ઉપદેશને યોગ્ય હોત તો પરમ ચતુર ભગવાન શ્રીકૃષ્ણ દુર્યોધનને કેમ ન સમજાવી શક્યા ? જો કે વાદળ અમૃત જેવું જળ વરસાવે છે તો પણ નેતર ફૂલતું-ફળતું નથી. આવી રીતે જો બ્રહ્માના સમાન પણ જ્ઞાની ગુરુ મળી જાય તો પણ મૂર્ખના હૃદયમાં જ્ઞાન નથી થતું.'

ભાઈ ! જ્યારે તે તમારી વાત માનતો જ નથી તો પછી તેને પોતાનો દીકરો માનો છો જ શું કામ ? તેને પોતાનો ન માનીને ભગવાનનો માની લો, ભગવાનને અર્પણ કરી દો.

**અન્ય શ્રોતા—મેં મારાં સગાંવહાલાંને સમય આવ્યે ઘણી મદદ કરી. પરંતુ હવે તેઓ મારી વિરુદ્ધ ચાલે છે ! તેઓ બીજાઓની આગળ મારી નિંદા કરે છે અને મારી બાબતમાં જૂઠી-જૂઠી વાતો ફેલાવે છે !**

**સંત**—તમે તેમની તરફ ન જોઈને પોતાને જુઓ કે તમારાથી કોઈ ભૂલ તો નથી થઈ ને ? જો પોતાની કોઈ ભૂલ દેખાય તો તેને દૂર કરી દો અને જો તમારી કોઈ ભૂલ ન દેખાય તો પછી દુઃખી થવાની કોઈ જરૂર નથી, પ્રસન્ન રહો. એ આશા ન રાખો કે બીજાઓ તમારે અનુકૂળ ચાલે. બીજા બધા આપણને અનુકૂળ ચાલે—એ સંભવ જ નથી. મોટા-મોટા સંત થયા, ભગવાનના અવતાર થયા, પરંતુ તેમને પણ બધા અનુકૂળ નથી થયા !

**શ્રોતા—મહારાજજી ! મેં હંમેશાં બીજાઓ પર વિશ્વાસ કર્યો, પરંતુ મારી સાથે હંમેશાં ધોખો જ થયો છે !**

**સંત**—વિશ્વાસ કરવા યોગ્ય તો માત્ર ભગવાન જ છે. સંસાર વિશ્વાસ કરવા યોગ્ય છે જ નહિ. સંસાર પર વિશ્વાસ કરશો તો ધોખો જ મળશે !

**संसार साथी सब स्वार्थके हैं,**
**पक्के विरोधी परमार्थ के हैं,**

**देगा न कोई दुःख में सहारा,**
**सुन तू किसी की मत बात प्यारा ।**

❊ ❊ ❊

**किससे करिये प्यार यार खुद गरज जमाना है ॥**
**सच्चा मित्र और जन्म का साथी ईश्वर सर्वाधार,**
**राधेश्याम शरण चल उसकी, तब हो बेड़ा पार,**
**दुखी का वही ठिकाना है ॥**

❊ ❊ ❊

**आराम के हैं सब संग साथी, जब वक्त पड़ा तो कोई नहीं,**
**यहाँ मतलब के हैं लोग सभी, दुनिया में किसी का कोई नहीं ।**

સંસાર સેવાને યોગ્ય છે, વિશ્વાસને યોગ્ય નથી. તેની સેવા કરી દો, પરંતુ વિશ્વાસ ન કરો.

**અન્ય શ્રોતા—મહારાજજી ! મારે કોઈ સંતાન નથી. મનમાં ચિંતા રહે છે કે ઘડપણમાં અમારી કોણ સેવા કરશે ? શું કોઈ બાળક દત્તક લઈ લઈએ ?**

**સંત**—સંસારમાં જુઓ. જેમને સંતાન છે, તેઓ બધાં શું સુખી છે ? કેટલાય લોકો તો પોતાનાં સંતાનોથી એટલાં દુ:ખી છે કે વિચારે છે, સંતાન ન હોત તો સારું હોત ! શું તમે એ વાત જાણો છો કે સંતાન હોવાથી તમે સુખી થઈ જ જાત અથવા ઘડપણમાં તમારી સેવા થાત જ ? જો ઘડપણમાં સૌનાં સંતાનો સેવા કરતાં હોત તો આજે વૃદ્ધાશ્રમો શા માટે બનાવવામાં આવી રહ્યા છે ? જ્યારે પોતાનાં સંતાન પણ સેવા કરતાં નથી તો પછી દત્તક લીધેલ બાળક તમારી સેવા કરશે એની શું ગેરંટી છે ?

જો તમારા પ્રારબ્ધમાં હશે તો ઘડપણમાં તમારી એ લોકો કરતાં પણ સારી સેવા થશે કે જેમને સંતાન છે ! ભગવાન કોઈ એવી વ્યક્તિને મોકલી દેશે, જે દીકરાથી પણ વધીને તમારી સેવા કરશે. તેથી ભવિષ્યની ચિંતા ન કરો.

**અન્ય શ્રોતા—હું લાંબા સમયથી બીમાર છું. એવું લાગે છે કે કોઈએ મારા પર તાંત્રિક પ્રયોગ કરી દીધો છે. કોઈ ઉપાય બતાવો.**

**સંત**—જો કોઈ તાંત્રિક પ્રયોગ કરે છે તો તેની અસર આપણા પર ત્યારે જ પડે છે, જ્યારે આપણા પ્રારબ્ધમાં તેવું હોય. અન્ય તો માત્ર તેમાં નિમિત્ત બને છે. જો આપણા પ્રારબ્ધમાં ન હોય તો આપણને કષ્ટ પહોંચાડવાની કોઈમાં તાકાત છે જ નહીં ! જો તમે બીમાર રહો છો તો એ તમારું પ્રારબ્ધ છે, જૂનાં કર્મોનું ફળ છે અને અન્ય (તાંત્રિક પ્રયોગ કરવાવાળા)નું આ નવું કર્મ છે, નવું પાપ છે, જેનું ફળ તેણે ભવિષ્યમાં ભોગવવું પડશે. એ યાદ રાખો કે બીજી કોઈપણ વ્યક્તિ તમને સુખ કે દુઃખ પહોંચાડી શકતી નથી—

**सुखस्य दुःखस्य न कोऽपि दाता**
**परो ददातीति कुबुद्धिरेषा ।**

**अहं करोमीति वृथाभिमानः**
**स्वकर्मसूत्रे ग्रथितो हि लोकः ॥**

(અધ્યાત્મરામાયણ ૨/૬/૬)

'સુખ કે દુઃખ દેવાવાળું બીજું કોઈ નથી. બીજું કોઈ સુખ-દુઃખ આપે છે—એ સમજવું કુબુદ્ધિ છે. હું કરું છું—એ વૃથા અભિમાન છે; કારણ કે લોકો પોત-પોતાનાં કર્મોની દોરીથી બંધાયેલા છે.'

**काहु न कोउ सुख दुख कर दाता ।**
**निज कृत करम भोग सबु भ्राता ॥**

(માનસ, અયોધ્યા૦ ૯૨/૨)

**શ્રોતા—મહારાજજી ! હું ઘણો દુઃખી છું ! મારાથી દુઃખ સહેવાતું નથી અને મારા મનમાં આત્મહત્યા કરવાની ઈચ્છા થાય છે !**

**સંત**—આત્મહત્યા કરવાથી તમે પોતાનાં કર્મોના ભોગથી બચી નથી શકતા. પૂર્વકૃત કર્મોનું ફળ તો

ભોગવવું જ પડશે, આત્મહત્યા-રૂપે એક નવું પાપ વધુ થઈ જશે ! કેમ કે આત્મહત્યા કરવાથી એક મનુષ્યની હત્યા કરવાનું પાપ લાગે છે.

યાદ રાખો કે આત્મહત્યા કરવાથી તમારું શરીર મરશે, તમે નહીં મરો; કેમ કે જીવાત્મા અમર છે. આથી આત્મહત્યા કરવાથી શરીર તો મરી જશે, પરંતુ તમે દુઃખોથી છૂટવાની અપેક્ષાએ વધુ દુઃખી થઈ જશો અને પ્રેતયોનિમાં ભટકતા રહેશો, નરકોમાં તડપતા રહેશો.

હમણાં જે દુઃખ છે, તે ભવિષ્યમાં મટી પણ શકે છે અને તમે ભવિષ્યમાં સુખી પણ થઈ શકો છો. અંધારી રાત વીતી જવાથી સૂર્યનો ઉદય પણ થઈ શકે છે. તેથી હમણાં નિરાશ ન થઈને નવી સવારની રાહ જુઓ.

**અન્ય શ્રોતા—મહારાજ ! હું કૌટુંબિક સમસ્યાઓથી ઘણો દુઃખી છું. કોઈ ઉપાય બતાવો.**

**સંત**—દુઃખનું મૂળ કારણ છે—મમતા. જે વસ્તુઓ અને વ્યક્તિઓમાં આપણી મમતા છે, તેમના જ બનવા-બગડવાની અસર આપણા પર પડે છે. સંસારમાં અસંખ્ય વસ્તુઓ અને વ્યક્તિઓ છે, પરંતુ તેમના બનવા-બગડવા, જીવવા-મરવા વગેરેની અસર આપણા પર નથી પડતી. એટલા માટે કોઈ પણ વસ્તુ-વ્યક્તિમાં મમતા ન કરો, પછી દુઃખ નહિ આવે.

વિચાર કરો, જેટલી પણ વસ્તુઓ અને વ્યક્તિઓ છે, તે બધી-યે-બધી 'નદી-નાવ-સંજોગ'ની જેમ મળનાર-વિખૂટી પડનાર છે. અગાઉ તેઓ આપણી સાથે ન હતી, પછી તેઓ આપણને મળી ગઈ અને ભવિષ્યમાં તેઓ સદા આપણી સાથે નહિ રહે. એક દિવસ તેઓ આપણાથી વિખૂટી પડી જશે અથવા આપણે તેમનાથી વિખૂટા પડી જઈશું !

ઘણું કરીને મનુષ્ય પોતાના ખરાબ સ્વભાવને કારણે દુઃખ પામે છે. તેથી પોતાનો સ્વભાવ સુંદર બનાવો.

**અન્ય શ્રોતા—હું ઘરડો થઈ ગયો છું. કામ કરવામાં અસમર્થ છું. મારા દીકરા મારી સેવા કરતા નથી. તેઓ મારી વાત માનતા નથી. ઊલટા મારો તિરસ્કાર કરે છે. મારે શું કરવું જોઈએ ?**

**સંત**—યૂનાનના પ્રસિદ્ધ દાર્શનિક સુકરાત એક વાર ભ્રમણ કરતાં કોઈ શહેરમાં પહોંચ્યા. ત્યાં તેમને એક વૃદ્ધ વ્યક્તિ મળ્યો. સુકરાતે તેને વ્યક્તિગત જીવનના વિષે પૂછ્યું. તે વૃદ્ધ જન બોલ્યા—

'હું મારી કૌટુંબિક જવાબદારી મારા પુત્રોને સોંપી દઈને નિશ્ચિંત છું. તેઓ જે કહે છે, કરી દઉં છું; જે ખવડાવે છે, ખાઈ લઉં છું અને મારાં પૌત્ર-પૌત્રીઓની સાથે હસતો-રમતો રહું છું. બાળકો કંઈ ભૂલ કરે છે તો પણ ચુપ રહું છું. હું તેમના કોઈ કાર્યમાં બાધક બનતો નથી. પરંતુ જ્યારે પણ તેઓ સલાહ લેવા આવે છે, ત્યારે હું મારા જીવનના બધા અનુભવોને તેમની સામે

રાખીને, જીવનમાં કરેલી ભૂલથી પેદા થયેલાં દુષ્પરિણામોની તરફ તેમને સચેત કરી દઉં છું. તેઓ મારી સલાહ મુજબ કેટલું ચાલે છે, એ જોવું અને પોતાનું મગજ ખરાબ કરવું એ મારું કામ નથી. તેઓ મારા નિર્દેશો પર જ ચાલે, એ આગ્રહ હું નથી રાખતો. સલાહ આપ્યા પછી પણ જો તેઓ ભૂલ કરે છે તો હું ચિંતિત થતો નથી. તેમ છતાં પણ તેઓ જો ફરીથી મારી પાસે આવે છે તો મારાં દ્વાર સદૈવ તેમના માટે ખુલ્લાં રહે છે. હું ફરીથી યોગ્ય સલાહ આપીને તેમને વિદાય કરું છું.'

વૃદ્ધની વાત સાંભળીને સુકરાત ઘણા પ્રસન્ન થયા અને બોલ્યા કે આ ઉંમરમાં જીવન કેવી રીતે જીવવામાં આવે, એ આપે સારી રીતે સમજી લીધું છે.

**અન્ય શ્રોતા—ઘરમાં ઘણાં કષ્ટ આવે છે ! એક જ્યોતિષીએ જણાવ્યું કે મારી ગ્રહદશા ખરાબ ચાલી રહી છે. કોઈએ જણાવ્યું કે મારા મકાનમાં વાસ્તુદોષ**

**છે. એક પંડિતજીએ પિતૃદોષ બતાવ્યો છે. મેં બધા ઉપાય કરી લીધા, મારું મકાન પણ વાસ્તુ મુજબ ઠીક કરાવી લીધું, છતાં પરિસ્થિતિમાં સુધારો નથી થયો ! હવે કૃપા કરીને આપ જ બતાવો કે હું શું ઉપાય કરું ?**

**સંત**—ભાઈ ! મકાન ઠીક કરાવવાથી વાસ્તુદોષ તો દૂર થઈ ગયો, પણ પ્રારબ્ધદોષ ઠીક નથી થયો ! મૂળમાં સર્વ પ્રારબ્ધનો જ ભોગ છે. એક શ્લોક આવે છે—

**वैद्या वदन्ति कफपित्तमरुद्विकारान्**
**ज्योतिर्विदो ग्रहगतिं परिवर्तयन्ति ।**
**भूताभिषङ्ग इति भूतविदो वदन्ति**
**प्रारब्धकर्म बलवन्मुनयो वदन्ति ॥**

'રોગોના ઉત્પન્ન થવામાં વૈદ્યલોકો કફ, પિત્ત અને વાયુને કારણ માને છે, જ્યોતિષીલોકો ગ્રહોની ગતિને કારણ માને છે, પ્રેતવિદ્યાવાળા ભૂત-પ્રેતોના પ્રવેશને કારણ માને છે, પરંતુ મુનિઓ પ્રારબ્ધકર્મને જ બળવાન (કારણ) માને છે.'

પ્રારબ્ધ ખરાબ હોય તો ગ્રહ પણ ખરાબ થઈ જાય છે, મકાન પણ ખરાબ મળે છે, મિત્ર પણ શત્રુ થઈ જાય છે, લાભની જગ્યાએ નુકસાન થઈ જાય છે. એટલા માટે પોતાની તરફથી દુઃખ-નિવારણનો ઉપાય કરવો તો ઠીક છે, પણ ઉપાય કરવા છતાં પણ પરિસ્થિતિ ન બદલાય તો ભગવાનની ઈચ્છા અથવા આપણું નસીબ સમજી સંતોષ કરવો એ જ સારું છે.

સંતોનો દીધેલો આ મહામંત્ર સારી રીતે ગ્રહણ કરી લો—**'કરવા' માં સાવધાન અને 'થવા'માં પ્રસન્ન.**

**શ્રોતા—મારો યુવાન દીકરો મરી ગયો છે ! તેના શોકમાં હું રાત-દિવસ ડૂબેલો રહું છું. મારું જીવન અંધકારમય થઈ ગયું છે !**

**સંત**—પુત્ર અગાઉ ન હતો, પછી આવ્યો. હવે તે ચાલ્યો ગયો તો તમે તેના તે જ (અગાઉ જેવા) રહી ગયા. પુત્રના જવાનું જે દુઃખ થાય છે, તે મોહથી થાય

છે. સંત રજ્જબજી એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. રસ્તામાં તેમને એક દોરડું નીચે પડેલું મળી ગયું. તેને ઉઠાવીને તેમણે પોતાના ખભા પર રાખી દીધું. જ્યારે ગામ પહોંચ્યા તો જોયું કે દોરડું ખભા પર ન હતું, રસ્તામાં જ ક્યાંક પડી ગયું. તેઓ બોલ્યા—

**पहले जैसा मन कर ले भाया,**
**रज्जब रस्सा मूँज का, पाया न पाया ।**

સંસારનો કોઈ પણ સંબંધ સદા રહેવાવાળો નથી. બધા સંબંધ મળવા અને વિખૂટા પડનારા છે. જેનો સંયોગ થયો છે, તેનો વિયોગ અવશ્યંભાવી છે. તેથી જે પણ સંબંધ છે, તેમના તરફ પોતાના કર્તવ્યનું પાલન કરી દો, તેમની સેવા કરી દો, પણ બદલામાં કોઈ આશા ન રાખો.

**कोई आज गया कोई काल गया,**
**कोई जावनहार तैयार खड़ा ।**

**नहीं कायम कोई मुकाम यहाँ,**
**चिरकाल से यही रिवाज रही ॥**

* * *

**रज्जब रोवे कौन को, हँसे सु कौन विचार ।**
**गये सु आवन के नहीं, रहे सु जावनहार ॥**

પાછળના જન્મોમાં તમારા કેટલાય પુત્રો થયા હશે, અત્યારે તેમની સ્મૃતિ (યાદ) પણ છે ખરી ? જેમ તેમની અત્યારે સ્મૃતિ નથી, એવી રીતે આ જન્મના પુત્રની પણ સ્મૃતિ રહેશે નહિ ! સંસારમાં દરરોજ અસંખ્ય મનુષ્ય મરે છે. જે મરે છે, તેઓ કોઈ-ને-કોઈના દીકરા જ હોય છે. પછી તેમનો શોક તમને કેમ નથી થતો ? એટલા માટે નથી થતો કે તેમનામાં આપણી મમતા (પોતાનાપણું) નથી. ખરેખર તો આપણી મમતા જ દુઃખ દે છે.

ભાગવતમાં કથા આવે છે કે જ્યારે રાજા ચિત્રકેતુનો એક-નો-એક પુત્ર મરી ગયો, ત્યારે તેમને ઘણો શોક

થયો. તેમનો શોક દૂર કરવા માટે મહર્ષિ અંગિરા અને દેવર્ષિ નારદજી આવ્યા અને એમને ઉપદેશ આપ્યો. આમ છતાં પણ ચિત્રકેતુનો શોક મટ્યો નહિ. ત્યારે નારદજીએ પોતાની યોગશક્તિથી તેમના પુત્રના જીવાત્માને બોલાવ્યો અને તેને કહ્યું કે જો, તારા પિતાજી કેટલા દુઃખી થઈ રહ્યા અને તું એમને છોડીને ચાલ્યો ગયો ! પુત્ર બોલ્યો—કોણ કોનો પુત્ર છે અને કોણ કોનો પિતા ? મેં આજ સુધીમાં ન જાણે કેટલીય યોનિઓમાં જન્મ લીધો છે, અને તે બધી યોનિઓમાં મારાં માતા-પિતા થયાં છે. હું એમનામાંથી કોને-કોને પોતાનાં માતા-પિતા માનું ? આ તો માત્ર મારામાં મમતાને કારણે દુઃખી થઈ રહ્યા છે ! (શ્રીમદ્ભાગવત, સ્કંધ ૬, અ. ૧૫-૧૬)

સંસારના બધા જ સંબંધ ઋણાનુબંધથી અર્થાત્ ઋણ ઉતારવા અથવા ઋણ વસૂલવા માટે છે. પુત્ર આવે છે તે

પણ પૂર્વજન્મના સંબંધથી, લેવાને માટે અથવા દેવાને માટે આવે છે. પુત્રની સાથે જે લેણ-દેણનો સંબંધ હતો, તે પૂરો થતાં જ પુત્ર ચાલ્યો ગયો. એમાં શોક કેવો ? પરમશ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજ એક સાચી ઘટના સંભળાવ્યા કરતા હતા—

'એક મારવાડી સજ્જન હતા. એ પૈસા માટે મુંબઈ ગયા, પણ બહુ જલદી પાછા આવી ગયા અને બધું દેવું ચૂકવી દીધું. લોકોના મનમાં આશ્ચર્ય થયું કે આ આટલી જલદી કેવી રીતે પૈસા કમાઈને આવી ગયો ! એને એક છોકરો થયો. એ મોટો થયો તો એનો વિવાહ પણ કરી દીધો. વિવાહ કર્યા બાદ તે બીમાર થઈ ગયો. એક રાત એ બહુ વધારે બીમાર થઈ ગયો. એની પાસે ઘણા લોકો બેઠા હતા કે ન જાણે ક્યારે પ્રાણ ચાલ્યા જાય ! છોકરાની સ્થિતિ વધારે ખરાબ જોઈને એના પિતા રડવા લાગ્યા. જુવાન છોકરો હોય અને વિવાહ થયેલો હોય તો એના

મરવાનું દુઃખ વધારે થાય છે. પિતાને રોતા જોઈને પુત્ર બોલ્યો 'હવે રોવાથી શું થશે ? અમુક દિવસે તમે અહીંયાંથી ગયા હતા. તમને રસ્તામાં એક બંગાળી મળ્યો. તેની પાસે લગભગ દસ હજાર રૂપિયા હતા. વચ્ચે એક સ્ટેશનમાં રોકાવું પડ્યું તો એની સાથે તમે એક ભાડભૂઁજણના ઘરમાં રહ્યા. રાત્રે તમે અને ભાડભૂઁજણ—બંનેએ મળીને પેલા બંગાળીને મારી નાંખ્યો અને એના બધા રૂપિયા લઈ લીધા.' છોકરાની વાત સાંભળીને ત્યાં બેઠેલા બધા લોકો પરસ્પર એકબીજાને જોવા લાગ્યા કે આ વાત ઠીક લાગે છે; કેમ કે બધાના મનમાં પહેલાથી જ આ શંકા હતી કે આ આટલી જલદી રૂપિયા ક્યાંથી લાવ્યો ? પછી એ છોકરો બોલ્યા કે, 'હું એ જ બંગાળી છું અને બદલો લેવા માટે જ આના ઘરે જન્મ્યો છું. હજુ પણ થોડું દેવું બાકી છે, એને લેવા માટે એક વાર ફરી આવીશ. વ્યાજસહિત બધું જ દેવું વસૂલ કરીશ.' ત્યાં

બેઠેલાં કોઈ વ્યક્તિએ કહ્યું કે, 'આ બિચારા વાણિયાની પુત્રી વિધવા થઈ જશે, એનો શો વાંક ?' આ સાંભળતાં જ એ છોકરો ગુસ્સામાં બોલ્યો કે, 'આ એ જ રાંડ ભાડભૂંજણ છે ! આ બન્નેએ મળીને મને માર્યો હતો ! હવે આ આખો જન્મ દુઃખ ભોગવશે.'

છોકરાની વાત સાંભળીને એના પિતા બોલ્યા કે, 'આ સનેપાતમાં, બેહોશીમાં બોલે છે.' એનો છોકરો જોરથી બોલ્યો કે, 'હું સનેપાતમાં નથી બોલતો. સાચી વાત કહું છું. અત્યારે નજીકના ઘરમાં દીવાલ તોડીને ચાર ચોર ચોરી કરી રહ્યા છે. જઈને જોઈ લો. જો એ વાત સાચી હોય તો મારી વાત પણ સાચી છે.' એ સમયે તો ત્યાં કોઈ ન ગયું, પણ સવારે લોકોએ જોયું તો ચોરીની વાત સાચી નીકળી.'

**અન્ય શ્રોતા—મહારાજ ! સંપત્તિને લીધે મારો ભાઈઓ સાથે ઝઘડો ચાલી રહ્યો છે. ભાઈઓ તે સંપત્તિ**

**પર પણ કબજો કરવા ચાહે છે, જેના પર મારો હક લાગે છે. આપ જણાવો કે મારે શું કરવું જોઈએ ?**

**સંત**—તમારા ભાઈઓ તો એ સંપત્તિને લઈ આંધળા બની રહ્યા છે, જે સદા તેમની પાસે પણ રહેશે નહિ, એક દિવસ વિખૂટી પડી જશે. પણ તમે તો પોતાની આંખો ખુલ્લી રાખો ! પ્રેમ જેટલો મૂલ્યવાન છે, તેટલી સંપત્તિ મૂલ્યવાન નથી. પ્રેમને માટે જો થોડું નુકસાન પણ વેઠવું પડે તો કોઈ ખોટ નથી. જો તેઓ અન્યાયપૂર્વક વધારે સંપત્તિ પર કબજો કરી લે છે તો પણ તમારે ચિંતા કરવાની જરૂર નથી. જે તમારા ભાગ્યમાં છે, તે તમને મળશે જ. તેને તમારી પાસેથી કોઈ છીનવી શકતું જ નથી.

**प्राप्तव्यमर्थं लभते मनुष्या**
**दैवोऽपि तं लङ्घयितुं न शक्तः ।**
**तस्मान्न शोचामि न विस्मयो मे**
**यदस्मदीयं न हि तत्परेषाम् ॥**

(પઞ્ચતન્ત્ર ૨/૧૧૩; ગરુડપુરાણ આચાર૦ ૧૧૩/૩૨)

'પ્રાપ્ત થનારી વસ્તુ મનુષ્યને મળે જ છે, વિધાતા પણ એને રોકવામાં સમર્થ નથી. એટલા માટે ન તો (વસ્તુ ન મળવાથી) હું શોક કરું છે અને ન (વસ્તુ મળવાથી) મને આશ્ચર્ય થાય છે; કેમ કે જે વસ્તુ મારી છે, એને બીજું કોઈ ન લઈ શકે.'

સંપત્તિના ભાગલા થઈ શકે છે, પરંતુ ભાગ્યના ભાગલા નથી થઈ શકતા. પરિણામે બીજાનો હક મારનાર વ્યક્તિ જ દુઃખ પામે છે. બની શકે કે ભાઈઓના અલગ થવાથી તમને ભવિષ્યમાં આનાથી પણ વધારે લાભ થઈ જાય.

**થોડી વાર શાંત રહ્યા પછી સંત બોલ્યા–**

હવે આપ બધાં જ ભાઈ-બહેનો ધ્યાનથી સાંભળો. આપણને આ મનુષ્યશરીર પૂર્વજન્મોમાં કરેલ કર્મોનું ફળ ભોગવીને પોતાનું કલ્યાણ કરવાને માટે મળ્યું છે. તેથી જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી અનુકૂળ-પ્રતિકૂળ,

સુખદાયી-દુઃખદાયી પરિસ્થિતિઓ આવતી જ રહેશે, રોગ આવતા જ રહેશે. એમનાથી કોઈ બચી શકતું જ નથી. ઇતિહાસ જોઈશું તો આજ સુધી એવી કોઈ પણ વ્યક્તિ નથી થઈ, જેના જીવનમાં માત્ર સુખદાયી અથવા માત્ર દુઃખદાયી પરિસ્થિતિ જ આવી હોય. સુખદાયી અને દુઃખદાયી—બન્ને પરિસ્થિતિઓ બધાનાં જીવનમાં આવે છે. પરંતુ તેમાં સુખી-દુઃખી થવું અથવા ન થવું આપણા હાથની વાત છે. એટલા માટે કહ્યું છે—

**देह धरे का दंड है, सब काहू को होय ।**
**ग्यानी भुगते ग्यान ते, मूरख भुगते रोय ॥**

જ્ઞાનીલોકો એ પ્રતિકૂળ પરિસ્થિતિને હસીને સહે છે, મૂર્ખાઓ રડીને સહે છે. આપ લોકો પણ જો ચાહો તો આ બે વાતો પર વિચાર કરીને પોતાની મૂર્ખતા અને પોતાનું દુઃખ મટાડી શકો છો—

૧—જે પણ પ્રતિકૂળ પરસ્થિતિ આવી છે, તે સદા નહિ રહે.

૨—પ્રતિકૂળ પરિસ્થિતિ આપણાં પાપોનું ફળ છે, એટલા માટે તેને ભોગવી લેવાથી આપણાં પાપ કપાઈ જશે, આપણે શુદ્ધ થઈ જઈશું, સુખી થઈ જઈશું.

પહેલી વાત પર વિચારીશું તો આ સંસારમાં કોઈ પણ પરિસ્થિતિ સદા રહેનારી નથી. દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવે જ છે—

**सर्वे क्षयान्ता निचयाः पतनान्ताः समुच्छ्रयाः ।**
**संयोगा विप्रयोगान्ता मरणान्तं च जीवितम् ॥**

(વાલ્મીકિ૦ ૨/૧૦૫/૧૬; મહાભારત, આશ્વ૦ ૪૪/૧૯ વગેરે)

‘સઘળા સંગ્રહોનો અંત વિનાશ છે, લૌકિક ઉન્નતિઓનો અંત પતન છે, સંયોગોનો અંત વિયોગ છે અને જીવનનો અંત મરણ છે.’

એટલા માટે જે પરિસ્થિતિ આવે, તેનો સદુપયોગ કરીએ. સદુપયોગ કેવી રીતે કરવો ? અનુકૂળ પરિસ્થિતિ આવે ત્યારે બીજાઓની સેવા કરવી અને પ્રતિકૂળ

પરિસ્થિતિ આવે ત્યારે સુખની ઇચ્છાનો ત્યાગ કરવો. જે બીજાઓને સુખ પહોંચાડે છે અને જે સુખની ઇચ્છાનો ત્યાગ કરી દે છે, તે કદી દુઃખી થતો નથી.

બીજી વાત પર વિચાર કરીએ તો દરેક પ્રતિકૂળ પરિસ્થિતિ આપણાં પૂર્વકૃત પાપોનું ફળ છે. પોતાનાં પાપોનું ફળ તો પોતે ભોગવવું જ પડશે, ભલે વર્તમાનમાં ભોગવીએ કે ભવિષ્યમાં—

**अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ।**
**नाभुक्तं क्षीयते कर्म जन्मकोटिशतैरपि ॥**

(નારદપુરાણ, પૂર્વ૦ ૩૧/૬૯-૭૦;બ્રહ્મવૈવર્ત૦ શ્રીકૃષ્ણ૦ ૮૫/૩૬)

'પોતાનાં કરેલાં સારાં અને ખરાબ કર્મોનું ફળ અવશ્ય જ ભોગવવું પડે છે. કોઈ પણ કર્મ સો કરોડ કલ્પોમાં પણ ભોગવ્યા વિના નષ્ટ નથી થતું.'

જો આપણાં પાપોનું ફળ આપણે હમણાં નહિ ભોગવીશું તો ભવિષ્યમાં વ્યાજ સાથે તેનું ફળ

ભોગવવું પડશે ! યોગીરાજ શ્રીશ્યામાચરણ લાહિડી એક વાર પોતાના સેવક કૃષ્ણારામની સાથે ક્યાંક જઈ રહ્યા હતા. અચાનક યોગીરાજે પોતાના સેવકને કહ્યું– 'કૃષ્ણારામ ! કપડું ફાડો'. સેવક તેમની વાતને બરાબર સમજી શક્યો નહિ. થોડી જ વારમાં નજીકના મકાનની છતથી એક ઈંટ આવીને યોગીરાજના પગ ઉપર પડી. પગની આંગળીથી લોહી વહેવા લાગ્યું. સેવકે તરત કપડું ફાડીને આંગળી પર બાંધી દીધું. પછી સેવકે પૂછ્યું કે 'મહારાજ ! જો આપને પહેલેથી જ ખબર હતી કે પગ પર ઈંટ પડશે તો પછી આપ દૂર કેમ ખસી ન ગયા ?' યોગીરાજે હસતાં રહીને જવાબ આપ્યો કે 'કૃષ્ણારામ ! જો હું દૂર ખસી જાત તો પ્રારબ્ધનો આ ભોગ મારે આગળ ઉપર વ્યાજ સાથે ચૂકવવો પડત ! ઋણ જેટલું જલદી ચૂકવાઈ જાય, તેટલું જ સારું છે !'

**'માનવ-સેવા-સંઘ'ના પ્રવર્તક પૂજ્યપાદ સ્વામી શ્રીશરણાનંદજી મહારાજની અમર વાણી છે—*'સુખના જવાથી કોઈનું અમંગળ થતું નથી અને દુઃખના આવવાથી કોઈનું અહિત થતું નથી.'*** એટલા માટે ભગવાનના ભક્ત સાંસારિક પ્રતિકૂળતાને વિપત્તિ ન માનીને ભગવાનના વિસ્મરણને જ વિપત્તિ માને છે—

**कह हनुमंत बिपति प्रभु सोई ।**
**जब तव सुमिरन भजन न होई ॥**

(માનસ, સુન્દર૦ ૩૨/૨)

આવો, સૌ મળીને સૂરદાસજીનું આ પદ ગાઈએ—

**भावी काहू सौं न टरै ।**
**कहँ वह राहु, कहाँ वै रबि-ससि, आनि सँजोग परै ॥**
**मुनि बसिष्ट पंडित अति ग्यानी, रचि-पचि लगन धरै ।**
**तात-मरन, सिय-हरन, राम बन बपु धरि बिपति भरै ॥**
**रावन जीति कोटि तैंतीसा, त्रिभुवन-राज करै ।**

**मृत्युहि बाँधि कूप मैं राखै, भावी बस सो मरै ॥**
**अरजुन के हरि हुते सारथी, सोऊ बन निकरै ।**
**द्रुपद-सुता कौ राजसभा, दुस्सासन चीर हरै ॥**
**हरीचंद-सौ को जग दाता, सो घर नीच भरै ।**
**जौ गृह छाँड़ि देस बहु धावै, तउ वह संग फिरै ॥**
**भावी कैं बस तीन लोक हैं, सुर नर देह धरै ।**
**सूरदास प्रभु रची सु ह्वैहै, को करि सोच मरै ॥**

'ભાવી (નસીબ) કોઈનાથી પણ ટળતું નથી. ક્યાં તે રાહુ અને ક્યાં તે સૂર્ય-ચંદ્ર, ઘણી દૂરતા છે તેમનામાં, છતાં એમનો પણ (ગ્રહણ સમયે) સંયોગ થઈ જાય છે ! વસિષ્ઠ મુનિ મોટા વિદ્વાન તથા જ્ઞાની હતા અને તેમણે ઘણી મહેનતથી રાજ્યાભિષેકનું મુહૂર્ત કાઢ્યું; પરંતુ પરિણામ એ થયું કે દશરથજીનું મરણ થઈ ગયું, સીતાજીનું અપહરણ થઈ ગયું અને રામને વનવાસી વેશ ધારણ કરીને વનમાં કષ્ટ ભોગવવાં પડ્યાં. રાવણે

તેત્રીસ કોટિ દેવતાઓને જીતી લીધા હતા અને ત્રિલોક પર રાજ કરી રહ્યો હતો. તેણે મૃત્યુને પણ બાંધીને કૂવામાં નાખી રાખ્યું હતું; પરંતુ પ્રારબ્ધવશ તે પણ માર્યો ગયો ! અર્જુનના તો સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ સારથિ હતા, પણ તેમને પણ વનવાસ ભોગવવો પડ્યો ! દ્રૌપદી શ્રીકૃષ્ણનાં પરમ ભક્ત હતાં, પણ રાજસભામાં દુઃશાસને તેમનું વસ્ત્ર ખેંચ્યું ! સંસારમાં રાજા હરિશ્ચંદ્રના જેવો કોણ દાની હશે, પણ તેમને પણ નીચ ચંડાળના ઘરે નોકરી કરવી પડી !'

'જો કોઈ પોતાનું ઘર છોડીને બીજા અનેક દેશોમાં ફરતો રહે તો પણ પ્રારબ્ધ તેની સાથે જ ફરે છે, તેનો પીછો નથી છોડતું. ત્રણે લોકોમાં દેવતા, મનુષ્ય અને જેટલા પણ દેહધારી છે, બધા જ પ્રારબ્ધને આધીન છે. તેથી સૂરદાસજી કહે છે કે પ્રભુએ જે વિધાન કરી રાખ્યું છે, તે જ થશે, પછી ચિંતા કરીને શા માટે મરવું ?

# સન્ત-વાણી

## (પરમશ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજ)

૧. જે થનાર છે, તે તો થઈને જ રહેશે અને જે નથી થનાર, એ ક્યારેય નહીં થાય, ભલે એની કામના કરીએ કે ન કરીએ. જેમ કામના ન કરવાથી પણ પ્રતિકૂળ પરિસ્થિતિ આવી જાય છે, એમ જ કામના ન કરવાથી અનુકૂળ પરિસ્થિતિ પણ આવશે જ.

૨. જો વસ્તુઓની ઇચ્છા ન રહે તો જીવન આનંદમય થઈ જાય છે અને જો જીવવાની ઇચ્છા ન રહે તો મૃત્યુ પણ આનંદમય થઈ જાય છે. જીવન ત્યારે કષ્ટમય થાય છે, જ્યારે વસ્તુઓની ઇચ્છા કરીએ છીએ, અને મૃત્યુ ત્યારે કષ્ટમય થાય છે, જ્યારે જીવવાની ઇચ્છા કરીએ છીએ.

૩. મનુષ્ય પ્રતિકૂળ ઘટનાઓ ચાહતો નથી, કરતો નથી અને એમાં એનું અનુમોદન પણ નથી રહેતું, છતાં પણ એવી ઘટનાઓ ઘટે છે, તો એ ઘટનાઓ ઉપસ્થિત કરવામાં કોઈ પણ નિમિત્ત કેમ ન બને અને એ પણ ભલેને કોઈને નિમિત્ત માની લે, પણ વાસ્તવમાં એ ઘટનાને બનાવવામાં ભગવાનનો જ હાથ છે, ભગવાનની જ મરજી છે.

૪. આ સર્વજ્ઞ, સર્વસુહૃદ્, સર્વસમર્થ ભગવાનનું વિધાન છે કે પાપથી વધારે દંડ કોઈ નથી ભોગવતું અને જે દંડ મળે છે, એ કોઈ-ને-કોઈ પાપનું જ ફળ હોય છે.

૫. પાપોથી પુણ્ય નથી કપાતું અને પુણ્યોથી પાપ નથી કપાતું. હા, જો મનુષ્ય પાપ કાપવાના ઉદ્દેશ્યથી (પ્રાયશ્ચિત્ત-રૂપથી) શુભ કર્મ કરે છે, તો એનાં પાપ કપાઈ શકે છે.

૬. અત્યારે પુણ્યાત્મા જે દુઃખ પામી રહ્યા છે, એ પૂર્વના કોઈ જન્મના કરેલા પાપનું ફળ છે, અત્યારે કરેલા પુણ્યનું નહીં. એવી જ રીતે અત્યારે પાપાત્મા જે સુખ ભોગવી રહ્યા છે, એ પણ પૂર્વના કોઈ જન્મમાં કરેલા પુણ્યનું ફળ છે, અત્યારના કરેલા પાપનું નહીં.

૭. સૃષ્ટિની પ્રત્યેક વસ્તુ, વ્યક્તિ વગેરે પ્રતિક્ષણ નાશની તરફ જઈ રહી છે. આપણે જે વસ્તુ, વ્યક્તિ વગેરેમાં સુંદરતા, બળવત્તા વગેરે વિશેષતા જોઈએ છીએ, એ એક દિવસ નષ્ટ થઈ જાય છે. આથી, સૃષ્ટિની પ્રત્યેક વસ્તુ જાણે કે આ ક્રિયાત્મક ઉપદેશ આપી રહી છે કે મારી તરફ ન જુઓ, હું તો રહીશ નહીં, મને બનાવવાવાળા તરફ જુઓ. મારામાં જે સુંદરતા, સામર્થ્ય, વિલક્ષણતા વગેરે દેખાય છે, એ મારી નથી, પરંતુ એની છે !

૮. જે ચાહીએ છીએ, એ ન થાય અને જે નથી ચાહતા, તે થાય—એને જ દુઃખ કહે છે. જો 'ચાહવું' અને 'ન ચાહવું'ને છોડી દઈએ, તો પછી દુઃખ છે જ ક્યાં !

૯. દુઃખને મટાડવા માટે સુખની ઈચ્છા કરવી તે જ દુઃખનું મૂળ છે.

૧૦. આ સિદ્ધાંત છે કે જે પોતે દુઃખી હોય છે, એ જ બીજાને દુઃખ આપે છે.

૧૧. બીજાને દુઃખ દેવાથી એનું (જેને દુઃખ અપાયું છે) તો એ જ નુકસાન થાય છે કે જે પ્રારબ્ધથી થનાર છે; પરંતુ જે દુઃખ આપે છે, એ નવું પાપ કરે છે કે જેનું ફળ નરક એમણે ભોગવવું જ પડે છે.

૧૨. કર્મ બહારથી કરવામાં આવે છે, એટલે એ કર્મોનું ફળ પણ બહારની પરિસ્થિતિના રૂપમાં જ પ્રાપ્ત થાય છે. પરંતુ એ પરિસ્થિતિઓથી જે સુખ-દુઃખ

થાય છે, એ અંદર થાય છે. એટલે એ પરિસ્થિતિઓમાં સુખી તથા દુઃખી થવું શુભાશુભ કર્મોનું અર્થાત્ પ્રારબ્ધનું ફળ નથી, પરંતુ પોતાની મૂર્ખતાનું ફળ છે.

૧૩. આપણે અહીંનાં, જન્મ-મૃત્યુવાળા સંસારનાં નથી. આ આપણો દેશ નથી. આપણે આ દેશના નથી. અહીંયાંની વસ્તુઓ આપણી નથી. આપણે આ વસ્તુઓનાં નથી. આપણાં આ કુટુંબી નથી. આપણે આ કુટુંબીઓનાં નથી. આપણે તો કેવળ ભગવાનનાં છીએ અને ભગવાન જ આપણા છે.

— 'સાધક-સંજીવની'માંથી સંકલિત

**मूल पुस्तकमें जो विशेषता होती है, वह अनुवादमें नहीं आ पाती । अनुवादमें प्रायः लेखकके कई भाव पूरी तरह व्यक्त नहीं हो पाते । इसलिये जिज्ञासु पाठकोंसे निवेदन है कि यदि उन्हें हिन्दी भाषाका ज्ञान हो तो वे मूल हिन्दी पुस्तकको भी अवश्य पढ़नेकी कृपा करें ।**

॥ ॐ श्रीपरमात्मने नमः ॥

# અલૌકિક લાભ લો, કેવળ એક દિવસમાં !

## (પરમશ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજ)

એક એવી ઉત્તમ વાત છે કે આપ માની લો તો ન્યાલ થઈ જશો ! કેવળ સ્વીકાર કરવાનો છે, બીજું કશું નથી કરવાનું. આપ પાપી-પુણ્યાત્મા ગમે તે હો, આ માની લો કે અમે ભગવાનના છીએ. ભગવાન કહે છે કે જીવનમાત્ર મારો અંશ છે– '**ममैवांशो जीवलोके**' (ભ.ગીતા. ૧૫/૭). આપ ભલે કંઈ નથી. સંત-મહાત્મા નથી, ભજનાનન્દી નથી, શુદ્ધ નથી, પણ જીવ તો છો જ ! કપૂત શું પુત્ર નથી હોતો ? મળ-મૂત્રથી ખરડાયેલો બાળક શું માનો દીકરો નથી હોતો ? મૂળે આપ નિર્દોષ છો, દોષ પાછળથી આવેલા છે. સ્નાનઘરમાં જ્યારે આપ સાબુ લગાડો છો તો કાચમાં જોઈને શું આપ માનો છો કે મારો ચહેરો ખરાબ થઈ ગયો ?

આપ દૃઢતાથી ભગવાનને પોતાના સમજી લો તો તેનું મહાન ફળ હશે. આપનું જીવન સફળ થઈ જશે ! તેનાથી મારા ચિત્તમાં બહુ પ્રસન્નતા થશે અને આપને પણ પ્રસન્નતા થશે, આનંદ થશે ! આ વાતનો સ્વીકાર કરવાથી લાભ-જ-લાભ છે, નુકસાન કશું છે જ નહીં ! આ કોઈ મામૂલી વાત નથી. આ વેદોનો, ગીતાનો, રામાયણનો પણ સાર છે ! આપ નહીં માનો તો પણ સાચી વાત તો સાચી જ રહેશે, કદી જૂઠી નથી થઈ શકતી. આપ આપની તરફથી માની લો, પછી આપના માનવામાં કંઈ અધૂરપ રહી હશે તો તેને ભગવાન પૂરી કરશે. પણ એક વાર સ્વીકાર કરીને પછી આપ એને છોડશો નહીં. હું ભગવાનનો છું— એ માન્યા કરો તો આપ આપોઆપ નિર્મળ થઈ જશો. જે લોઢાનું સોનું બનાવી દે, તે પારસથી પણ શું ભગવાન કમજોર છે ? ભગવાન સાથે સંબંધ કરવાથી જેવી શુદ્ધિ થાય છે તેવી શુદ્ધિ પોતાના પ્રયત્નથી નથી થતી. **વર્ષો સુધી સત્સંગ કરવાથી જે લાભ નથી થતો, તે ભગવાનને પોતાના માની લેવાથી એક દિવસમાં થઈ જાય છે.**

— 'બિંદુ મેં સિન્ધુ' પુસ્તકમાંથી

॥ ॐ श्रीपरमात्मने नमः ॥

# ઈશ્વર કોણ છે ? ક્યાં રહે છે ?

સાગરમાં રહેનારી એક નાની-શી માછલીના મનમાં એક જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. તેણે પોતાની માને પૂછ્યું કે હું ઘણા દિવસોથી 'સાગર' નામ સાંભળી રહી છું. પણ આ સાગર કોણ છે અને કયાં રહે છે ? માએ ઉત્તર આપ્યો કે 'સાગર' નામ તો હું પણ નાનપણથી સાંભળતી આવી છું, પણ મને એના વિશે કંઈ ખબર નથી. મેં એની ઉપર કદી વિચાર જ નથી કર્યો ! ચાલો, મારી સખીઓને પૂછી જોઉં. તેણે પોતાની સખીઓને પૂછ્યું તો તેમનો પણ એ જ ઉત્તર હતો કે એની ઉપર તો અમે પણ કદી વિચાર્યું જ નથી. હાં, એક બૂઢી માછલી છે, તે કદાચ સાગર વિશે જાણતી હોય. ચાલો, જઈને એને પૂછીએ.

કેટલીક માછલીઓ તો એમ કહીને અટકી ગઈ કે આપ જ તે બૂઢી માછલીની પાસે જાઓ, અમને સાગર સાથે શી લેવાદેવા ? કેટલીક માછલીઓ તમાશો જોવાના હેતુથી તેમની સાથે ચાલી નીકળી. બધી ભેળી મળીને તે બૂઢી માછલી પાસે ગઈ અને પૂછ્યું કે આ સાગર કોણ છે? આપ એને વિશે કાંઈ જાણતાં હોય તો બતાવો. બૂઢી માછલીએ હસતાં હસતાં કહ્યું, 'અરે ગાંડી બહેનો ! જેમાં તમારો-અમારો સૌનો જન્મ થયો છે, જેમાં આપણે રાત-દિવસ રહીએ છીએ, જેમાં આપણે સૌ જીવી રહ્યાં છીએ અને જેમાં આપણે સૌ એક દિવસ વિલીન થઈ જઈશું, જે આપણી અંદર-બહાર સર્વ સ્થળે પરિપૂર્ણ છે, જેની સત્તાથી જ આપણી સત્તા છે (જેના હોવાથી જ આપણું હોવું છે) જેનાથી આપણે કદી અલગ નથી થઈ શકતાં અને જે આપણને આપણી ચારે તરફ દેખાઈ રહ્યો છે, તે જ તો સાગર છે !'

કેટલીક માછલીઓને તો આ વાત સમજાઈ જ નહીં. તેઓ મૌન થઈને એક-બીજાનું મોઢું તાકવા લાગી. થોડી સમજદાર માછલીઓની આંખો આશ્ચર્યથી ખુલ્લીને ખુલ્લી રહી ગઈ. પણ તે નાની-શી જિજ્ઞાસુ માછલી સાગરના ધ્યાનમાં ખોવાઈને ચુપ થઈ ગઈ. તેને સાચેસાચ સાગર વિશે જ્ઞાન થઈ ગયું !

— પરમશ્રદ્ધેય સ્વામી શ્રીરામસુખદાસજી મહારાજનાં વચનોથી
સંગૃહીત 'સહજ સમાધિ ભલી' (ચુપ-સાધન) પુસ્તકમાંથી